અપીલ અરજી નં.૨૯ તા.૧૮–૪ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી રાકેશ પ્રશાંત પોપાવાળા
સામાવાળાઃ– એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી રાકેશ પ્રશાંત પોપાવાળાની તા.૧–૩–૧૧ ની અરજીથી મોજે ભેસ્તાન તા.સુરત સીટી જિ. સુરતના સર્વેનં.૧૬૦,૧૭૮ વાળી મિલ્કતમાં ગેરકાયદેસર બાંધકામ બાબતે કરવામાં આવેલી કાર્યવાહીની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની અપીલ તા.૧૮–૪–૧૧ ની **SMC/FAP/** નં.૨૯/૨૦૧૧–૧૨

શ્રી રાકેશ પ્રશાંત પોપાવાળાની તા.૧–૩–૧૧ ની અરજીથી મોજે ભેસ્તાન તા.સુરત સીટી જિ. સુરતના સર્વેનં. ૧૬૦ ,૧૭૮ વાળી મિલ્કતમાં ગેરકાયદેસર બાંધકામ બાબતે કરવામાં આવેલી કાર્યવાહીની માહિતી આપવા બાબતે મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૮–૪–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તેમજ બાંધકામ પરવાનગી રજીસ્ટરની વિગતે માંગેલ માહિતિ પૈકી હકીકત સ્પષ્ટ કરવા સાથે નકલ સહ પુરક વિગતો તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૦૫ તા.૨૭–૪–૧૧ થી એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) તથા અરજદારને અપીલ અરજીમાં મુળ અરજીથી માંગેલ માહિતિ, ફી ભર્યાની વિગત તથા જાહેર માહિતી અધિકારીએ આપેલ માહિતીની નકલ અપીલમાં જણાવેલ ન હોઈ તે રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ પૂરક વિગતો મળેલ નથી. જયારે અરજદાર તરફથી તા.૪–૫–૧૧ ના પત્રથી પૂરક વિગતોમાં મુળ અરજીની નકલ, ફી ભર્યાની વિગત, મ્યુ. કમિ.શ્રીને તા.૨૮–૨–૧૧ ના રોજ પાઠવેલ પત્રની નકલ, શહેર વિકાસ વિભાગ તરફથી અરજદારને પાઠવેલ પ્રત્યુત્તર અંગે પત્ર નં.ટીડીઓ/૪૭ તા.૩–૪–૧૦ ના પત્રની નકલ, કલેકટરશ્રી સુરતની તા.૨૪–૯–૦૮ ના હુકમની નકલ, સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૭૪૧ તા.૩–૩–૧૧ ના રોજ કાર્યપાલક ઈજનેર ઉધનાઝોન, સીટી મામલતદાર પનાસ, નાયબ કલેકટર એન એ શાખાને તબદીલ કર્યા અંગેના પત્રની નકલ, જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.સા.ઝોન/ટેક./૭૮૨ તા.૩૦–૩–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૧–૩–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ કરેલ બાબતે હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સુરત મહાનગરપાલિકાને સંબોધતી સેન્ટ્રલઝોન ખાતે આપવામાં આવેલ. જેના અનુસંધાને સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૭૪૧ તા.૩–૩–૧૧ ના રોજ કાર્યપાલક ઈજનેર ઉધનાઝોન, સીટી મામલતદાર પનાસ, સુરત.,નાયબ કલેકટર એન.એ. શાખા, સુરત.ને તબદીલ કરવામાં આવેલ. જેના સંદર્ભે જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક./૭૮૨ તા.૩૦–૩–૧૧ થી " મોજે ભેસ્તાન રે.સ. નં.૧૬૦ + ૧૭૮ વાળી મિલ્કતમાં સાંઈ કૃપા ઈન્ડ. સોસા. ગણેશનગર રેસીડેન્સીયલ સોસા.આવેલ છે. સદરહુ રે.સ. નંબર વાળી જમીનમાં મોટે ભાગના પ્લોટમાં વર્ષો જુના હયાત બાંધકામો આવેલા છે. સદર જમીનમાં ઈન્ડ. અને રેસીડેન્સીયલ બાંધકામોની સુર ત મહાનગરપાલિકા ધ્વારા કોઈ પરવાનગી આપવામાં આવેલ ન હોય, અધિકૃત બાધંકામોની સંખ્યા આપી શકાય તેમ નથી તથા ઉધનાઝોનની કચેરીમાં માળ વધારા અંગેના બાંધકામો માટેની વિકાસ પરવાનગીની મંજુરી અર્થે આવેલ પ્લાન સહિતની અરજી અન્વયે કુલ ૬(છ) ઉધનાઝોન કક્ષાએથી વિકાસ પરવાનગીની મંજુરી આપવામાં આવેલ છે. તથા ગેરકાયદેસર બાંધકામ દુર કરવાની કાર્યવાહીના ભાગરૂપે ઉધનાઝોનના ઉપરોકત જુના બાંધકામ ઉપર થતાં નવા –૧ (એક) બાંધકામ દુર કરવામાં આવેલ છે. તેવું જણાવેલ છે. જે બાબતે અરજદારે નિર્દિષ્ટ સમયગાળામાં મળેલા પ્રતિભાવથી નારાજ થઈ તા.૧૮–૪–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં અરજદારે સદર બાંધકામો કાયદેસર છે કે ગેરકાયદેસર? તેવી પૃચ્છા બાબતે જાહેર માહિતી અધિકારીએ સુરત મહાનગરપાલિકા ધ્વારા કોઈ પરવાનગી આપેલ ન હોવાનું જણાવેલ છે. વધુમાં માળ વધારાના વિકાસ પરવાનગી અંગેની વિગતો પૂરી પાડવામાં આવેલ છે. જયારે સરકારનો મનાઈ હુકમ હોવા છતાં કઈ પરવાનગી અથવા ઓથોરીટીના આધારે બાંધવામાં આવેલ છે વિગેરે માહિતી આપવામાં આવેલ નથી. જે અંગે અરજી લાગત સરકારી વિભાગને તબદીલ કરવામાં આવેલ છે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ  કરવામાં આવે છે..

અરજદારની તા.૧–૩–૧૧ ની અરજીથી માંગેલ માહિતી  જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવ છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ :       –૬–૧૧

પ્રતિ,
(૧) એડી. સીટી ઈજનેર અને  જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) ....જાણ તથા અમલ  માટે .
(૨) શ્રી રાકેશ પ્રશાંત પોપાવાળા ,